# આંગડીયા કર્મીને લુંટીને વલસાડ ઉતારી લુંટારુએ ભાડાનાં રુપિયા આપ્યા હતા

ગાંધીનગર, તા.૪

ડભોડા પોલીસ તથા ટીમે લીંબડીયા કેનાલનાં પુલ પરથી આંગડીયા કર્મીનુ અપહરણ કરી રુ. ૨૨.૧૧ લાખની થયેલી ચકચારી આંગડીયા લુંટનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસે પકડાયેલા છ આરોપીઓને કોર્ટમાં રજુ કરતા પુછપરછ માટે કોર્ટે આરોપીઓના છ દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે. આજે ફરિયાદીએ તમામ પકડાયેલા આરોપીઓને વલસાડ ઉતારી મુક્યો હતો. વિક્રમને સવારે ચાર વાગ્યે ઉઠાવ્યો હતો અને સાંજે ૫ વાગ્યે વલસાડ ઉતાર્યો હતો. ત્યા સુધી વિક્રમ પણ આ ટોળકીને ક્રાઈમ બ્રાંચ પોલીસ જ માનતો હતો. બપોરે વિક્રમને જમાડ્યો પણ હતો અને સાંજે જ્યારે વલસાડ ઉતાર્યો ત્યારે એક લકઝરી ઉભી રખાવી વિક્રમને ૫૦૦ રુપિયા આપ્યા હતા અને લકઝરી ડ્રાઈવરને ભાડા પેટે રુ.૩૦૦ પણ ચુકવ્યા હતા. ત્યાર બાદ

## પકડાયેલા છ આરોપીઓ ૧૦ દિવસનાં રિમાન્ડ પર : અપહરણ કર્યા બાદ ૧૩ કલાક સુધી કર્મચારીને ફેરવીને જમાડ્યો પણ હતો

ઓળખી બતાવ્યા છે. તો બીજી તરફ ફરાર મુખ્ય સુત્રધાર જીતેન્દ્ર સહિત બે આરોપીઓ સુધી પહોંચવા પોલીસે તજવીજ શરુ કરી છે.

ઈશ્વરભાઈ સોમાભાઈ પટેલ આંગડીયા પેઢીની ઉદેપુર શાખામાંથી અમદાવાદ શાખામાં રુપિયા લઈ જવા માટે આંગડીયા કર્મી વિક્રમભાઈ ઈગલ ટ્રાવેલ્સની લકઝરીમાં ઉદેપુરથી બેઠા હતા. બુધવારે વહેલી સવારે ચાર વાગ્યે લકઝરી બસ લીંબડીયા કેનાલના પુલ પર પહોંચી ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી એક ગેંગ વિક્રમજીને ઉપાડી તેનુ અપહરણ કરી અલગ અલગ સ્થળોએ ફેરવી રુ.૨૨.૧૧ લાખ રોકડ ભરેલી કોટીને લુંટીને તેને લકઝરીમાં મોકલી દેવાયો હતો. ત્યારે જીતેન્દ્રએ કહ્યુ હતુ કે તુ ઉદેપુર ન જતો તારા ઘરે જતો રહેજે. તારો ફોટો પાડીને અમારા ક્રાઈમ બ્રાંચના ગ્રુપમા મોકલવામાં આવેલો છે એટલે તુ ઉદેપુર જઈશ તો ફરી અમારી ટીમ તને પકડીને લઈ જશે. આખરે ઘરે પહોંચ્યા બાદ વિક્રમે શેઠને બનાવથી વાકેફ કરતા નકલી પોલીસે લુંટ કરી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ અને ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. પકડાયેલા છ આરોપીઓનુ કહેવુ છે કે તેઓ ભાડુતી માણસો છે અને લુંટનાં પ્લાન સંદર્ભે તે કાંઈ જાણતા નથી. પુછપરછ માટે કોર્ટે ૧૦ દિવસનાં રિમાન્ડ મંજુર કરતા પોલીસે ઈન્ટ્રોગેશન તેજ બનાવ્યુ છે.

# સે-૧૬માં બેંકની સામે ગાડીમાં બેઠેલા વેપારી સાથે લુંટનો પ્રયાસ

શહેરનાં સે-૧૬ ખાતે વિવિધ બેંકોની સિરીઝ છે. ત્યાં સાજન હોટલની સામેની સાઈડ ગઈ કાલે એક યુવાન વેપારી પોતાની ગાડી પાર્ક કરીને અંદર બેઠો હતો. તેની બાજુની સીટમાં પડેલી લેપટોપ બેગ રુપીયા ભરેલી હોવાનુ માનીને એક લુંટારુ ગેંગે તેને ટાર્ગેટ બનાવ્યો હતો. રુ.૧૦ની નોટ ગાડી નજીક ફેંકીને તેનુ ધ્યાન ત્યા ફેરવી ગાડીમાથી બેગ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. કાર માલીકે બેગનું હેન્ડલ પકડી લઈ બુમાબુમ કરતા ટોળુ ભેગુ થઈ ગયુ હતુ અને ગેંગનાં બે સાગરીતોને દબોચી લીધા હતા જ્યારે અન્ય ચારેક શખ્સો ફરાર થઈ ગયા હતા. બંને શખ્સોને પકડીને પોલીસને સોંપતા બંનેની ધરપકડ કરી સે-૨૧ પોલીસે વધુ તપાસ શરુ કરી છે. આ મોડસ ઓપરેન્ડીથી ઘણી લુંટ થયેલી છે તો સઘન પુછતાછમાં અન્ય લુંટના ભેદ ઉકેલાય તેવી પણ શક્યતા છે. ગેંગ તમીલનાડુની હોવાનુ ખુલ્યુ છે.

શહેરનાં સે-૬ બી પ્લોટ નં.૫૬૧/૨ ખાતે રહેતો દિપક અંબાલાલ પટેલ અંબીકા કિરાણા સ્ટોર ચલાવે છે અને મુળ રાંધેજાનો છે અને ગઈ કાલે પોતાની ગાડી લઈને સે-૧૬ ખાતે ગયો હતો. સાજન ડાયનીંગ હોલ હોટલની સામેની બાજુ ગાડી પાર્ક કરીને તે ગાડીમાં જ બેઠો હતો. બાજુની સીટમાં તેની લેપટોપ બેગ હતી. આ લોકેશનની આજુબાજુ બેંકો હોવાથી તે બેગમાં રુપીયા ભરેલા હોવાનુ માની એક લુંટારુ ગેંગે દિપકને લુંટવા પ્લાન બનાવ્યો અને તેની ગાડીની બાજુમાં રુ.૧૦ની નોટ ફેંકી હતી. બપોરે સવા બાર વાગ્યાના અરસામાં છે તે જોવા નજર ફેરવી... તેટલામાં ગાડીનો બાજુનો દરવાજો ખોલીને એક શખ્સે સીટ પર પડેલી લેપટોપ બેગ લુંટવા પ્રયત્ન કર્યો હતો. દિપકનુ ધ્યાન જતા તેને લુંટારુને પડકાર્યો તમિલનાડુ વિસ્તારની આ ગેંગના પ્રેમઆનંદ આનંદન સુબ્રમણ્યમ તેવર તથા અન્ય એક ૧૭ વર્ષિય કિશોર બે ને પકડીને ટોળાએ પોલીસને સોંપતા સે-૨૧ પીઆઈ

## ગાડીની બહાર રુ.૧૦ ની નોટ ફેંકી યુવાનનુ ધ્યાન દોર્યુ ને બીજા સાગરીતે દરવાજો ખોલી લેપટોપ બેગ ખેંચી લીધી : ટોળાએ ગેંગના બે શખ્સોને પકડી પાડ્યા : ચારેક શખ્સો ભાગી ગયા

ગાડીની બાજુમા ૧૦ ની નોટ ફેંક્યા બાદ એક શખ્સે દિપકને ઈશારો કર્યો કે બહાર તેનુ કાંઈક પડી ગયુ છે પરંતુ દિપકે ધ્યાન ન આપ્યુ. થોડી વારમાં બીજો એક શખ્સ આવ્યો અને તેને પણ ઈશારો કર્યો એટલે દિપકે ગાડીનો દરવાજો ખોલીને શુ પડ્યુ હતો અને બેગનુ હેન્ડલ પકડી લીધુ હતુ. બુમાબુમ થતા આસપાસનાં રાહદારીઓ અને દુકાનદારો પણ ત્યા દોડી આવ્યા હતા. ટોળુ ભેગુ થતા જોઈને છ થી સાત શખ્સો ભાગ્યા હતા. તે પૈકી બે શખ્સો પકડાઈ જવા પામ્યા હતા. મીની જોષેફે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે. આ ગેંગની જે મોડસ ઓપરેન્ડી છે તેવી જ પધ્ધતીથી અન્ય ઘણા ગુનાઓ બનેલા છે. આ ગેંગની તે ગુનાઓમાં સંડોવણી છે કે કેમ તે સહિતની તપાસ શરુ કરવામાં આવી છે.

# સે-૫/બી શેરી ગરબામાં ગુજરાતી ફિલ્મ સ્ટાર વિક્રમ ઠાકોરે રંગત જમાવી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી મહાકાળી સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં નવરાત્રીના ઘુમી માતાજીની ભકિતભાવપૂર્વક આરાધના કરી હતી. જયારે લોકગાયકને નિહાળવા માટે આસપાસના ગ્રામજનો તેમજ મળીને ઘર આંગણે સુંદર રીતે શાંતિથી માતાજીના ગરબે ઘુમી શકે તે હેતુથી આયોજન કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી યુવાનો છે. ત્યારે ગતરોજ ગુજરાતી ફિલ્મ સ્ટાર અને લોકગાયક વિક્રમ ઠાકોર નવરાત્રી મહોત્સવમાં આવ્યા હતા. આ ગાયક તેમજ ફિલ્મના મનમુકીને ઝુમી ઉઠ્યા હતા. જયારે સતત ત્રણ દિવસના વરસાદ બાદ ચોથા નોરતે વિરામ લેતા ગરબાપ્રેમીઓમાં પણ અનેરો





ચોથા નોરતે ગુજરાતી ફિલ્મ સ્ટાર અને લોક ગાયક વિક્રમ ઠાકોરે પોતાના કંઠે અવનવા ગરબા રજુ કરી ગરબામાં ખેલૈયાઓને મોજ કરાવી હતી. નવરાત્રીમાં વરસાદ સતત વિલન બની રહ્યો છે ત્યારે ચોથા નોરતે રાત્રીના સમયે વરસાદ ન વરસતા ખેલૈયાઓ તેમજ ગરબાપ્રેમીઓ ઉત્સાહમાં આવી ગયા હતા. સેકટર-૫ બી માં ખેલૈયાઓ મોડીરાત સુધી ગરબે સેકટરના રહીશો ઉમટી પડતા ભારે શેરી ગરબામાં ભારે ભીડ જોવા મળી હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી મહાકાળી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા છેલ્લા બે દાયકાથી પણ વધુના સમયથી ગરબાનું સુંદર આયોજન કરવામાં આવે છે. સે-૫ બીમાં રહેતા પરિવારોની બહેન, દિકરીઓ, અને માતાઓ તેમજ નાના બાળકો સહિત યુવાનો સૌ સાથે દ્વારા સુંદર અને સુચારુ આયોજન ને પગલે નવરાત્રી જામી છે. નવરાત્રીમાં ગરબે ઘુમવા દુરદુરથી ગરબે ઘુમવા ખૈલેયાઓ તેમજ તેઓને નિહાળવા નાગરીકો આવે કલાકારને નિહાળવા માટે નગરજનો મોટીસંખ્યામાં આવ્યા હતા. જયારે વિક્રમ ઠાકોરે પોતાના કંઠે એક પછી એક ગરબા સુંદર રીતે રજુ કરતા હાજર ખેલૈયાઓ ઉત્સાહ જોવા મળ્યો હતો. તેમ સેકટર-૫ બી નવરાત્રી મંડળના પ્રમુખ પ્રેમલસિંહ ગોલ તેમજ હોદેદાર જયમીન બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું

# સતિષ ધવન - વિજ્ઞાન - ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વિજયનગર ગામની પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૧ થી ૫ વિભાગમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૫૦ કૃતિઓ રજુ કરી હતી. બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ



તાજેતરમાં જિલ્લાકક્ષાનું શ્રી સતિષ ધવન વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૬ યોજાયુ હતું. આ પ્રદર્શનમાં વિવિધ ગણિત-વિજ્ઞાનની કૃતિઓને નિહાળવા માટે મોટીસંખ્યામાં ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓ આવ્યા હતા.

જીસીઈઆરટી પ્રેરીત જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન તથા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ગાંધીનગર આયોજીત જિલ્લાકક્ષાનું શ્રી સતિષ ધવન વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૬નું આયોજન માણસા તાલુકાની વિજયનગર પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧ થી ૫ ના વિભાગમાં ૫૦ શાળાઓના ૧૦૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ ૫૦ કૃતિઓ રજુ કરી હતી. આ પ્રસંગે માર્ગદર્શક તરીકે ૫૦ થી વધુ શિક્ષક ભાઈ બહેનો પણ હાજર રહ્યા હતા. આ પ્રદર્શનની મુલાકાતે જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, જિલ્લા શિક્ષણ તાલિમ ભવનના ઈન્દ્રવદનભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી એન.એમ.રાઠોડ તથા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમારે મુલાકાત લઈને કૃતિઓ નિહાળી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ બાળકોને પ્રાસંગીક પ્રવચન આપીને બાળકોને બિરદાવ્યા હતા.

## સેમેસ્ટર-ત્રણની... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તબક્કાવાર આ પરીક્ષાઓ માટે યોગ્ય બેઠક વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે. ધોરણ ૧૨ સેમેસ્ટર ત્રણની કસોટી પણ આગામી તા ૧૪ ઓકટોબરથી શરૂ થશે. ૨૦ ઓકટોબર સુધી ચાલનારી આ કસોટીને અનુલક્ષી જિલ્લામાં કુલ ૨૭ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૮,માણસા,કલોલ અને ચાંદખેડા સહીતના કેન્દ્રોમાં ત્રણ ત્રણ બિલ્ડીંગોમાં આ બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરીક્ષાનો સમય પણ ૩ થી ૫ રહેશે . જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરીક્ષા ખંડોમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવશે. નવરાત બાદ તુરંત પરીક્ષા હોવાથી સેમેસ્ટરના વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે.

રક્તદાન મહાદાન

## રૂપાલ ગામ ગંદકીમાં ગરકાવ

# સફાઈ અંગે યોગ્ય નિરાકરણ નહી આવે તો ગ્રામજનોની આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ રૂપાલ ગામ ગંદકીમાં ગરકાવ થઈ ગયું છે. ગામના આંતરીક તેમજ મુખ્ય માર્ગો પર ઠેરઠેર કચરા તેમજ ઢગ ખડકાયેલા જોવા મળે છે. ગંદા પાણીના ખાબોચીયાને પગલે મચ્છરોનો ત્રાસ વધી જતા ગ્રામજનોને રાત્રીના ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ગામમાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળી તેવી દહેશત ઉભી થઈ છે. ત્યારે ગામમાં ટુંક સમયમાં વરદાયિની માતાજીની પલ્લી ભરાશે તે પહેલા ગામમાં સફાઈ તંત્ર દ્વારા થાય તેવી લાગણી અને માંગણી ગ્રામજનોની છે.

ભારતભરમાં વડાપ્રધાન સ્વચ્છતા અંગે કેમ્પેઈન ચલાવી રહ્યાછે. રાજયના ગામો અને શહેરને સુંદર બનાવવા તંત્રના અધિકારીઓ કમરકસી રહ્યા છે ત્યારે ગાંધીનગર થી ૧૫ કિલોમીટરના અંતરે આવેલ રૂપાલ ગામ ગંદકીમાં ગરકાવ છે.ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામ યાત્રાધામ તરીકે પ્રસિધ્ધ છે. રૂપાલ ખાતે વરદાયિની માતાનું મંદિર આવેલુ છે તેમજ નવરાત્રીમાં આઠમના દિવસે વરદાયિની માતાની પલ્લી જગભરમાં પ્રસિધ્ધ છે. પરંતુ આ રૂપાલ ગામ અત્યારે હાલ ગંદકીના ઢગ નીચે દબાયેલું જોવા મળે છે. ગામમાં ઠેરઠેર કચરા તેમજ ગટર લાઈનમાં ભંગાણના કારણે ગંદાપાણીના ખાબોચીયા જોવા મળી રહ્યા છે. ગંદકીને પગલે ગ્રામજનોના આરોગ્ય સામે પણ ખતરો મંડારાઈ રહ્યો છે. અતિશય ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ પણ અસહ્ય બની જતા ગ્રામજનોને ઉજાગરા કરવા પડે તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે ગ્રામજનો દ્વારા ગંદકી હટાવવા તંત્ર કક્ષાએ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવામાં આવી છે. તેમ છતા તંત્રના બહેરાકાને ગ્રામજનોની રજુઆત કયારે સંભળાશે તેની રાહ જોઈને નાગરીકો બેઠા છે. આગામી ટુંક સમયમાં વરદાયિની માતાની રૂપાલની પલ્લી ભરાશે. દેશ-વિદેશ તેમજ રાજયમાંથી લાખો ભકતો પલ્લીના દર્શનાર્થે આવે છે ત્યારે યોગ્ય સફાઈના અભાવે વધી રહેલી ગંદકી જોઈ અન્ય ભકતો પણ દંગ રહી જાય તો નવાઈ નહી.સફાઈ મુદ્દે યોગ્ય નિરાકરણ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ ગ્રામજનોએ ઉચ્ચારી છે.

## ચોથા નોરતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોરંભાયેલા કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદ વરસતા ગરબાપ્રેમીઓમાં ઉદાસીનતા છવાઈ હતી. કલ્ચરલ ફોરમના ચાંચર ચોકમાં વરસાદી રાહત વચ્ચે ગરબા પ્રેમીઓની ભીડ જામી હતી.

નવલા નોરતાની ઉજવણીમાં આ વર્ષે વરસાદી સમસ્યાએ અજગર ભરડો લીધો છે. આકાશમાંથી વરસાદી વાદળો હટવાનુ નામ લેતા નથી. નવરાતના પ્રારંભે જ વરસાદ વરસતા ખેલૈયાઓ સહીત ગરબાના આયોજકોમાં ઉદાસીનતા સાથે ચિંતાના વાદળો ઘેરાયા હતા. જયારે રોજબરોજ દિવસ દરમિયાન આકાશમાં અગડાઈ લેતા વાદળોના લીધે ગરબા પ્રેમીઓમાં પણ ગમે ત્યારે વરસાદ આવશે તેનો ભય સતાવી રહયો છે. ત્યારે બીજા દિવસે ગરબાની રમઝટ માંણ્યા બાદ ત્રીજા નોરતે ફરી વરસાદ ત્રાટકયો હતો. જેના લીધે ગરબા રસિકોમાં નારાજગી વ્યાપી હતી. જયારે ગઈકાલે અલબત્ત ચોથા નારતે વરસાદમાં રાહત મળતા ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. કલ્ચરલ ફોરમમાં વરસાદી માહોલમાં અગાઉ છત્રી લઈને ગરબે ઘુમતા ખૈલેયાઓ વરસાદી વિરામ વચ્ચે મુડમાં જોવા મળ્યા હતા. વરસાદી રાહત વચ્ચે ખૈલૈયાઓને મનભેર ગરબે ઘુમવાનો અવસર મળ્યો હતો. સેકટરોમાં પણ શેરી ગરબાની રમઝટનો રંગ જામ્યો હતો. જો કે આજે સવારથી જ આકાશમાં વરસાદી વાદળોના સામ્રાજય વચ્ચે ગરબા મહોત્સવની ઉજવણી સામે પ્રશ્ન મંડરાયો હતો. વરસાદના લીધે ગરબા મેદાનમાં પાણી ભરાઈ જતા ગરબાનુ આયોજન કરવાનુ મુશ્કેલ બન્યુ હતુ. કાદવ કિચ્ચડના લીધે પણ ગરબા આયોજકો માટે ગરબા મેદાનને સરખુ કરવાનુ કામ વધુ કપરુ બન્યુ છે. સવારથી વરસાદ વરસતા આસો મહીનામા પણ અષાઢી માહોલ સર્જાયો છે.

## પલ્લીનો મેળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુજીવીસીએલને પણ તાકિદ કરવામાં આવી છે. તે ઉપરાંત ૮૨.૫ કેવીએમ ડિઝલ જનરેટર પણ સ્ટેન્ડ બાય રહેશે. આવનાર દર્શનાર્થીઓ માટે રૂપાલ ગામ ખાતે ત્રણ બસ સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે. તેની સાથે સાથે ગાંધીનગર માણસા અને કલોલ ડેપો ખાતેથી પણ ખાસ બસની સુવિધા ઉભી કરવામાં આવી છે. ગામની દરેક જગ્યાએ સાફ સફાઈ સાથે દર્શાર્થીઓના આરોગ્ય માટે પાંચ મેડીકલ ટીમો, એમ્બ્યુલન્સ અને ૧૦૮ની સેવા મળી રહેશે.

ડુપ્લીકેટ ઘીનું વેચાણ ન થાય અને પલ્લી ઉપર ડુપ્લીકેટ ઘી ના ચડે તેની ખાસ તકેદારી રાખવા માટે કુલ ૧૦ ટીમ તૈયાર કરવામાં આવી છે જેમાં ફુડ એન્ડ ડ્રગ્સ, એક નાયબ મામલતદાર તેમજ એક પોલીસકર્મી મળી ને એક ટીમ બનશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લાઈસન્સ આપવાની કાર્યવાહી પણ કડક કરવામાં આવી છે. તેમજ ડુપ્લીકેટ ઘીનું વેચાણ થતુ હોય તો જાહેર જનતાને જાણ કરવા અપીલ કરી છે. ઉલ્લેનીય છે કે જીણોદ્વારમાં જે ભકતો રૂ.૧૦૦૦ કે રૂ.૫૦૦ દાન પેટે આપશે તેમને પ્રસાદી રુપે ૫૦૦ ગ્રામ અને ૨૦૦ ગ્રામના મધુર ઘી ના પાઉચ આપવામાં આવશે. જિલ્લા કલેકટર શ્રી સતિષ પટેલે તમામ ભકતોને મંદિરના જીણોધ્ધારમાં દાન આપવા માટે અનુરોધ કર્યો છે. પલ્લીના મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે કુલ-૧૮ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની નિમણુંક કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે યોજાયેલ પલ્લી મેળાની પ્રેસ કોન્ફરન્સમાં પ્રવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના વાઈસ ચેરમેન રાજુભાઈ ધ્રુવ, ડિરેકટર ગણપતભાઈ જોષી, ગાંધીનગર મામલતદાર એ.જે. જોષી ઉપસ્થિત રહ્યા હતા.

## વિપક્ષના નેતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિપક્ષના નેતા તરીકે શેલેન્દ્રસિંહ બિહોલાની નિમણુંક કરવામાં આવી છે. ગત ટર્મ દરમિયાન પણ વિપક્ષના નેતા તરીકે શેલેન્દ્રસિંહના નામ પર પસંદગી ઉતારવામાં આવી હતી. જયારે લાંબા સમયના અંતે વિપક્ષના નેતાની નિમણુંક થતા કોંગ્રેસ હવે લડાયક મુડમાં જોવા મળશે. પ્રજાકીય પ્રશ્નોને પણ વાચા મળશે તેવી આશ પણ બંધાઈ છે. બીજીતરફ કોંગ્રેસ દ્વારા વિપક્ષના નેતાની નિમણુંક કરી દેવાતા ભાજપ દ્વારા પણ શાસક પક્ષના નેતાની જાહેરાત ટુંકમાં જ કરાય તેવી શકયતા છે.

## એરસ્પેસ બંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશ આ રીતે યુદ્ધ અભ્યાસ કરે છે. પરંતુ આ બન્ને વ્યસ્ત વિમાનીમથકોને આટલા સમય સુધી બંધ રાખી શકાય નહી. ભારતીય અધિકારીઓની નજર આ ઘટનાક્રમ પર કેન્દ્રિત થયેલી છે. કારણ કે આ તમામ બાબતો એવા સમય પર બની રહી છે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ તંગ બનેલા છે. ક એર ટ્રાફિક કન્ટ્રોલના અધિકારીએ કહ્યુ છે કે આ ઘટનાક્રમથી ભારતથી રવાના થનાર અને અહી આવનાર ફ્લાઈટ પર કોઈ અસર થશે નહી. કારણ કે બીજા રસ્તા ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યા છે. ભારત સહિત એશિયાથી યુરોપ અને મધ્યપૂર્વ માટે એર ટ્રાફિક કોરિડોરમાં પાકિસ્તાન પડે છે. પાકિસ્તાન બન્ને શહેરોમાં એરસ્પેશને બંધ કરશે. આ પ્રતિબંધ ૨૨મી ઓક્ટોબર સુધી અમલમાં રહેશે. આ નિર્ણયને અમલી ત્રણ તબક્કામાં કરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં આઠમીથી ૧૩મી ઓક્ટોબર, બીજા તબક્કામા ૧૫થી ૨૦ ઓક્ટોબર અને ત્રીજા તબક્કામાં ૨૨મી ઓક્ટોબરના દિવસે નિર્ણય અમલી રહેશે. પાકિસ્તાની અધિકારીઓ તરફથી નોટીસ જારી કરવામાં આવી છે. જેમાં વૈકલ્પિક રસ્તાની વાત કરવામાં આવી છે. જો કે પાકિસ્તાનમાં સ્થાનિક ઉડ્ડયનને અસર થશે. નાગરિક ઉડ્ડયન ઈન્ડસ્ટ્રીઝના સુત્રોએ કહ્યુ છે કે ૪૫૦૦૦ ફુટ સુધી એરસ્પેશ બંધ રાખવાનો મતલબ એ છે કે તમામ કોમર્શિયલ ફલાઈટો બંધ રહેશે.

## મુડમાં નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરાવા આપવામાં કોઈ વાંધો નથી. તેનો કોઈ વિરોધ નથી. સરકારનું કહેવું છે કે, સરકારને સેના તરફતી આપવામાં આવેલી માહિતી પુરતી છે. જો કોઈ વ્યક્તિ સેનાની માહિતી ઉપર વિશ્વાસ કરવા માંગતા નથી તેની સમસ્યા છે. બેઠક બાદ ગૃહરાજ્યમંત્રી કિરણ રિજ્જુએ કહ્યું હતું કે, આ મામલા ઉપર લોકોએ સેના ઉપર વિશ્વાસ કરવો જોઈએ અને મામલો સરકાર ઉપર છોડી દેવો જોઈએ. કેબિનેટ સમિટિની બેઠકમાં દોભાલે સુરક્ષા સાથે સંબંધિત માહિતી રજૂ કરી હતી. અંકુશરેખા પેલે પાર અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર હાલમાં રહેલી સ્થિતિ અંગે બેઠકમાં ચર્ચા થઈ હતી. દોભાલે એમ પણ કહ્યું છે કે, ઈન્ટેલીજન્સ સંસ્થાઓએ ૧૦૦થી વધારે ત્રાસવાદીઓની ઓળખ કરી છે.


## જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૬-૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ, બ્લોક નં. એ, પાટનગર યોજના ભવન, બીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૨૩૮૫૯)ની કચેરી તરફથી નીચેની કામગીરી સામે દર્શાવેલ લાયકાત ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી નીચે જણાવેલ કામો સીલબંધ ટેન્ડરો રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | (૧) બાનાની રકમ (૨) ટેન્ડરની ફી (૩) લાયકાત | ટેન્ડરો ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ / ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તારીખ |
| --- | --- | --- | --- |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ટ્રકમાંઉનટેડ સ્વીપીંગ મશીનથી પેટાવિભાગ હસ્તકના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર રોડ સફાઈ કરવાનું કામ. | ૧. ૫૦૦૦.૦૦ ૨. ૬૦૦.૦૦ ૩. ટ્રકમાં સ્વીપીંગ મશીન ધરાવતા માલિકો ભાગ લઈ શકશે. | ૨૦/૧૦/૨૦૧૬ / ૨૭/૧૦/૨૦૧૬ |
| ૨. | પેટાવિભાગ હસ્તકના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર વિવિધ રોપા પુરા પાડવાનું કામ | ૧. ૫૦૦૦.૦૦ ૨. ૬૦૦.૦૦ ૩. નર્સરીના માલિક તથા બાગ બગીચાના સંભાળતા કામના અનુભવી | ૨૦/૧૦/૨૦૧૬ / ૨૭/૧૦/૨૦૧૬ |

આ કામની વિગતવાર નોટીસ ગુજરાત રાજયના માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com પર મુકવામાં આવેલ છે. આ કામ અંગેની વધુ માહિતી કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીમાં રૂબરૂ મુલાકાત સાધવાથી મળી શકશે.

માહિતી/૧૭૧૧/૧૬-૧૭

## ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર

ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગરની કચેરીને ૨૪ કલાક માટે સીક્યુરીટી જવાન પુરા પાડવા માટે નોંધાયેલ એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત કામગીરી માટેના ટેન્ડર ફોર્મ કચેરી ખાતે રૂ. ૨૦૦/- રોકડમાં ભર્યેથી કચેરીના સમય દરમિયાન તા. ૧૫/૧૦/૨૦૧૬ સુધીમાં મેળવી શકાશે.

ગુજરાત ઈકોલોજી કમિશન
બ્લોક નં. ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧

માહિતી/૧૭૧૮/૧૬-૧૭

## જાહેર નિવિદા

પ્રકૃતિ શિક્ષણ શિબિર દરમિયાન ભોજન વ્યવસ્થાની સેવાઓ પુરી પાડવાની કામગીરી

ટેન્ડર-૧, તા. ૬/૧૦/૨૦૧૬

નાયબ વન સંરક્ષકશ્રી, વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગર દ્વારા વન સંશોધન સંકુલમાં પ્રકૃતિ શિક્ષણ દરમિયાન ભોજન વ્યવસ્થાની સેવાઓ પુરી પાડવા રસ ધરાવતા ઈજારદાર આ કામગીરી માટેનું ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૬/૧૦/૨૦૧૬ સુધીમાં રોકડે / ડી.ડી. થી રૂ. ૧૫૦૦/- ભરી 'નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, વન્ય જીવ તાલીમ વિભાગ, વન સંશોધન સંકુલ, અક્ષરધામ પાસે, 'જ' રોડ, સેક્ટર-૩૦, ગાંધીનગર - ૩૮૨૦૩૦ ટે.નં. (૦૭૯-૨૩૨૫૬૬૦૭)' ખાતેથી મેળવી શકશે. ટેન્ડર ડોક્યુમેન્ટમાં સૂચિત બાબતો / શરતો / જોગવાઈઓ ધ્યાને લઈ રસ ધરાવતા ઈજારદાર સીલબંધ કવરમાં તારીખ ૨૭/૧૦/૨૦૧૬ સુધીમાં ફક્ત રજી.એ.ડી. થી ના.વ. સં.શ્રી, વન્યજીવ તાલીમ, ગાંધીનગરને ઉપરના સરનામે મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

સહી/-
નાયબ વન સંરક્ષક
વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગર

માહિતી/૧૭૨૦/૧૬-૧૭